પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## -: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:**

ક્રમાંક: વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૩૬ /૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ નંબર: 40-3/2020-DM-I(A) તા.૨૯/૦૭/૦૨૦ ના તથા;

(૨) ગુજરાત સરકારના હુકમ નં: જીજી/૪૮/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૩૧/૦૭/૨૦૨૦ આધારે.

સમગ્ર દેશમાં COVID-19 ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી, આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ-૨૦૦૫ થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૪/03/૨૦૨૦ ના હુકમ ક્રમાંક: : 40-3/2020-DM-I(A) થી સમગ્ર દેશમાં તા.૨૫/03/૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવામાં આવેલ. ત્યારબાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વખતો વખતના હુકમથી આ અવધિ તા.૩૧/૦૭/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ.

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરીટી (N.D.M.A.) ના દિશાનિર્દેશ અનુસાર દેશના તમામ ભાગોમાં COVID-19 ના ફેલાવાને રોકવા માટે સમયાંતરે દિશાનિર્દેશો જારી કરવામાં આવી રહેલ છે.જે મુજબ MHA ના તા.૨૯/૦૭/૨૦૨૦ દ્વારા જારી કરવામાં આવેલ હુકમ અન્વયે, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરીટી દ્વારા , આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ-૨૦૦૫ ની કલમ 6(2)(i) ની જોગવાઇ હેઠળ, કન્ટેન્ટમેન્ટ ઝોનમાં તા.૩૧/૦૮/૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવેલ છે, તથા કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોના માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃતિ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

આ નિર્દેશોના આધારે, હું આશીષ ભાટિયા,પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબ તા. ૦૧/૦૮/૨૦૨૦ ના કલાક ૦૦/૦૦ વાગ્યાથી તા.૩૧/૦૮/૨૦૨૦ ના કલાક ૨૪/૦૦ વાગ્યા સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે મુજબ હુકમ કરૂ છું:

## -:હુકમ:-

**1. નીચે મુજબની પ્રવૃતિઓ પ્રતિબંધિત રહેશે:**

I. કન્ટેનમેન્ટ ઝોન/ માઇક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં ફકત આવશ્યક સેવાઓને જ મંજુરી આપવામાં આવશે.

II. શાળા, કોલેજો, શૈક્ષણિક અને કોચિંગ સંસ્થાઓ તા.૩૧/૦૮/૨૦૨૦ સુધી બંધ રહેશે. ઓનલાઈન તેમજ દુરગામી શિક્ષણ ચાલુ રહેશે અને તેને પ્રોત્સાહિત કરવામાં આવશે.

III. સિનેમા હોલ, સ્વિમિંગ પુલ, આનંદ- પ્રમોદના સ્થળો , થિયેટર , બાર, ઓડીટોરીયમ, સભાગૃહો અને સમાન પ્રકારના સ્થળો બંધ રહેશે.

IV.મુસાફરોની આંતરરાષ્ટ્રીય હવાઈ મુસાફરી બંધ રહેશે. (સિવાય કે M.H.A દ્વારા માન્ય હોય ).

V. મેટ્રો રેલ બંધ રહેશે.

VI. સામાજીક/ રાજકીય/ શૈક્ષણિક/ સાંસ્કૃતિક/ ધાર્મિક કાર્યો તથા અન્ય મોટા એકત્રીકરણ બંધ રહેશે.

પરંતુ અંતિમ સંસ્કાર માટે માત્ર ૨૦ વ્યક્તિઓ તેમજ લગ્ન પ્રસંગ માટે ૫૦ વ્યક્તિઓ સાથે પરવાનગી રહેશે.

COVID-19 ના સંક્રમણને મર્યાદિત કરવાનાં હેતુસરની ઉપરોકત પ્રવૃત્તિઓને પુન: શરૂ કરવા અંગેની તારીખો અલગથી નક્કી કરવામાં આવશે તથા જરૂરી સામાજીક અંતર અંગેની એસ.ઓ.પી.પણ જારી કરવામાં આવશે.

2. સ્વતંત્રતા દિવસ કાર્યક્રમ:-

સ્વતંત્રતા દિવસ કાર્યક્રમ રાષ્ટ્રીય કક્ષાએ, રાજ્ય સ્થળે, જિલ્લા સ્તરે, પેટા વિભાગ, મ્યુનિસિપલ કે પંચાયત સ્તરે કે પછી જયાં પણ યોજવામાં આવશે ત્યાં આ કાર્યક્રમને સામજીક અંત્તર તેમજ અન્ય હેલ્થ પ્રોટોકોલનું પાલન કરવાનું રહેશે. દા.ત.માસ્ક પહેરેવું. આ સંદર્ભે, ગૃહ મંત્રલાય ભારત સરકારના પત્ર નં-No.2/5/2020-Public તા.૨૦/૦૭/૨૦૨૦ માં આપેલ સૂચનો તથા રાજય સરકાર દ્વારા કરાવામાં આવેલ સુચનોને અનુસરવાનું રહેશે.

3. યોગા સંસ્થાનો તથા જીમ્નેશિયમને ૫ ઓગસ્ટ ૨૦૨૦ થી ગૃહ મંત્રાલયના સ્વાસ્થ્ય અને પરિવાર મંત્રાલય દ્વારા ઈસ્યુ કરવામાં આવનાર એસ.ઓ.પી. મુજબ પરવાનગી રહેશે.

4. તમામ પ્રકારની દુકાનો રાત્રિના ૦૮/૦૦ કલાક સુધી ખુલ્લી રાખી શકાશે.

5. હોટલ અને રેસ્ટોરન્ટસ રાત્રિના કલાક ૧૦/૦૦ કલાક સુધી ખુલ્લી રાખી શકાશે.

6. આંતરરાજય તથા રાજ્યની અંદરના વ્યક્તિ/વ્યક્તિઓની તથા ચીજવસ્તુઓની અવર-જવર તથા પડોશી દેશો સાથે આંતર રાષ્ટ્રીય સંધીઓ હેઠળ સીમા પાર વ્યાપાર ઉપર પ્રતિબંધ રહેશે નહિ; આ પ્રકારની ગતિવિધી માટે અલગથી મંજુરી/ સંમતિ/ E- પરમીટની પણ જરૂર રહેશે નહિ .

7. વલ્નરેબલ વ્યક્તિઓની સુરક્ષા :

૬૫ વર્ષથી વધુ ઉમરના વ્યક્તિઓ, કો-ર્માબિડિટી ધરાવતી વ્યક્તિઓ, સગર્ભા સ્ત્રીઓ અને ૧૦ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને અતિઆવશ્યક અને તબિબી કારણોસર જરૂર હોય તે સિવાયના ઘરે રહેવાની સલાહ આપવામાં આવે છે.

8. જાહેર જગ્યાઓએ ; કાર્યસ્થળોએ અને મુસાફરી દરમ્યાન માસ્ક પહેરવું ફરજીયાત રહેશે. આ નિયમનું પાલન ન કરનારને નીચે મુજબની દંડની જોગવાઇ રહેશે:

a. દંડ : જાહેરમાં યોગ્ય રીતે ચહેરો ન ઢાંકવા બદલ રાજય સરકારના હુકમનો ભંગ કરનાર વ્યક્તિ રૂપિયા ૫૦૦/- ના દંડને પાત્ર રહેશે.

b. દંડ : જાહેરમાં થુંકનાર વ્યક્તિને રૂપિયા ૫૦૦/- ના દંડને પાત્ર રહેશે.

9. MHA ના તા.૨૯/૦૭/૨૦૨૦ દ્વારા એનેક્ષર-૧ માં જારી કરવામાં COVID-19 વ્યવસ્થાપન અંગે રાષ્ટ્રીય નિર્દેશો પાલન કરવાનું રહેશે.

10. કેન્દ્રીય ગૃહ મંત્રાલય તથા ગુજરાત સરકારના વખતો વખતના હુકમોથી આપવામાં આવેલ આદેશો તથ માર્ગદર્શક સુચનાઓ આખરી રહેશે અને તમામે ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે.

## -:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

## -:શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## -:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** ની કલમ ૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૩૧/૦૭/૨૦૨૦ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(આશિષ ભાટિયા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :-

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.

(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.

(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીકશાખા,

(૧૭) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી. અ,વાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા )

(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી.,અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૬) પો.સબ.ઇન્સ.શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.

(૨૭) **PRO, C.P. Ahmedabad website, twitter handle, Facebook page** વિગેરે **Social Media** ઉપર પ્રસિધ્ધ કરવા બાબત

પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર